# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-10-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMD BRICS SPORTS COMPETITION

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે અમદાવાદમાં વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે બ્રિક્સ પરંપરાગત અને દેશી રમતગમત પ્રદર્શન સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી માંડવિયાએ કહ્યું , ભારત ભવિષ્ય માટે ટકાઉ રમતગમત માટેની ઇકોસિસ્ટમનું નિર્માણ કરી રહ્યું છે.

આ પ્રસંગે દેશવિદેશથી આવેલા લોકોનું સ્વાગત કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, આ પ્રદર્શન સ્પર્ધાની યજમાની એ ગુજરાત માટે ગૌરવની ક્ષણ છે. તેમણે આ મંચને ઉજવણી , જાળવણી અને સહ-અધ્યયનનું મંચ ગણાવતા કહ્યું, અમદાવાદ વર્ષ 2029માં ઇન્ટરનેશનલ વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ 2029 અને 2030માં રાષ્ટ્રમંડળ રમતની યજમાની કરવા સજ્જ છે.

ઉલ્લેખનીય છે કે , આ પ્રતિષ્ઠિત પહેલ ભાગીદાર દેશોના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, દેશી રમત-ગમતની પરંપરાઓ અને શાશ્વત જ્ઞાનને ઉજાગર કરે છે. તેમજ રમતગમતની વૈશ્વિક ભાવના દ્વારા મૈત્રી , સહયોગ અને પરસ્પર આદરની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

# DAMANGANGA NADI

વલસાડના રહેવાસીઓ માટે સારા સમાચાર આવ્યા છે. કારણ કે, દમણગંગા નદી પર બનનારી દમણગંગા બેરેજ યોજના હવે ટૂંક સમયમાં શરૂ થશે.

159 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે આ યોજના ઝડપથી આગળ વધી રહી છે. તેનાથી વાપી શહેરના લોકો અને આસપાસના ઉદ્યોગોને પણ પાણી મળશે.

# NAVRATRI BIJO DIVAS

ભક્તિ અને શક્તિના મહાપર્વ નવરાત્રિના બીજા દિવસે આજે માઁ દુર્ગાનાં દ્વિતીય સ્વરૂપ માઁ બ્રહ્મચારિણીની પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગે જણાવ્યું , માઁ બ્રહ્મચારિણી તપ, ત્યાગ, સદાચાર અને સંયમનું પ્રતીક છે. માઁ ભગવતી સૌના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવે અને કોઈ પણ કઠિન પરિસ્થિતિમાં અવિચળ રહીને સન્માર્ગે ચાલવાની શક્તિ તથા સંયમ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

દરમિયાન અમરેલી શહેર અને જિલ્લામાં નવરાત્રિની ઉજવણી શરૂ થઈ. પહેલા નોરતે ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયા અને સાંસદ ભરત સુતરિયાએ માતાજીની આરતી ઉતારી દર્શન કર્યા હતા. બ્રાહ્મણ સોસાયટીના બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રી વેકરિયા કાર્યકરો સાથે ગરબે ઘૂમ્યા હતા. તો, ફિલ્મ અભિનેતા વરુણ ધવન જામનગરમાં નવરાત્રિ મહોત્સવમાં લોકો સાથે ગરબે ઝૂમ્યા હતા.

ઉપરાંત ડાંગના મુખ્યમથક આહવામાં પોલીસ પરેડ મેદાનમાં સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ યોજાયો , જેમાં ઘરેલું હિંસા અટકાવવા , મહિલા જાગૃતિ , મતદાન જાગૃતિ અભિયાન , બાળકોનું જાતીય શોષણ અટકાવવા જાગૃતિ , પ્રવાસીઓની સલામતી સહિતના મુદ્દે ખેલૈયાઓને માહિતી અપાઈ.

બીજી તરફ, ભરૂચના દાંડિયા બજાર વિસ્તારમાં આવેલા અંબાજી મંદિરમાં પહેલા નોરતે ભક્તોએ માતાજીના દર્શન કર્યાં . સાથે જ અંકલેશ્વરની ગોયા બજારમાં આવેલા પૌરાણિક નવદુર્ગા મંદિરમાં માતાજીની નવ દિવસ માટે વિધિવત્ સ્થાપના કરવામાં આવી.

# VEHICLE POLICY AMENDMENT

રાજ્યની સરકારી વાહન ખરીદ નીતિમાં મોટો સુધારો  કરાયો. તે અંતર્ગત હવે ઈલેક્ટ્રીરકક વાહનEVને પ્રોત્સાહન સાથે ફીલ્ડ અને ઑફ-રોડ કામગીરી માટે પણ વાહનો ખરીદી શકાશે. આ સુધારા દ્વારા બે નવી કૅટેગરી ઉમેરવામાં આવી.

સરકારી વાહન વ્યવસ્થાને માત્ર પદ સાથે નહીં પરંતુ કામગીરીની વાસ્તવિક જરૂરિયાત સાથે જોડવાનો આ સુધારો આગામી સમયમાં સરકારી કામગીરીને વધુ સુગમ અને અસરકારક બનાવવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું.

# SEVA SANKALP ABHIYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ થયા છે. તે નિમિત્તે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજકોટમાં સેવાસેતુ 2.1 કાર્યક્રમ યોજાયો. ગઢકા ગામમાં યોજાયેલા આ કાર્યક્રમમાં દોઢ વર્ષના હર્ષ કલોલાનું નામ રાશનકાર્ડમાં ઉમેરવામાં આવ્યું. આ અંગે બાળકના દાદાએ ઘરઆંગણે જ સેવા મળતા સરકારનો આભાર માન્યો.

મોરબીમાં એક હૉસ્પિટલમાં જિલ્લાકક્ષાની નિઃશુલ્ક મેગા આરોગ્ય ચકાસણી શિબિર યોજાઈ. તેમાં રાજકોટ ઍઇમ્સના નિષ્ણાત તબીબોની ટુકડીએ સેવા આપી. આ પ્રસંગે સાંસદ કેસરીદેવસિંહ ઝાલાએ રાજકોટ ઍઇમ્સને સમગ્ર સૌરાષ્ટ્ર માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી હોવાનું જણાવ્યું.

# STATE WEATHER UPDATE

રાજ્યમાં મેઘરાજાએ સત્તાવાર વિદાય લેતા મહત્તમ તાપમાનમાં વધારો થયો છે. ગત 24 કલાકમાં સૌથી વધુ 39 ડિગ્રી સેલ્સિયસ તાપમાન પોરબંદર, સુરેન્દ્રનગર અને રાજકોટમાં નોંધાયું છે. જ્યારે કંડલા વિમાનમથક, અમરેલી, વેરાવળ, જુનાગઢના કેશોદ, અમદાવાદ, વડોદરા અને બનાસકાંઠાના ડીસામાં 37 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રહ્યું.

બીજી તરફ અત્યાર સુધી રાજ્યમાં મોસમનો સરેરાશ 89.19 ટકા વરસાદ નોંધાયો. સૌથી વધુ 114.23 ટકા વરસાદ દક્ષિણ ગુજરાતમાં થયાના અહેવાલ છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં પણ 99.73 ટકા જળસંગ્રહ થઈ ગયો છે.

# VLS PUSTAK PARICHAY

વલસાડમાં ધરમપુર ગ્રંથાલયમાં 58-મો પુસ્તક પરિચય કાર્યક્રમ યોજાયો. તેમાં રાજવી ઇતિહાસ સહિત વિવિધ પુસ્તકોની માહિતી રજૂ કરવામાં આવી. વાંચન પ્રવૃત્તિને વેગ આપવા 'પુસ્તક પરિચય અને પરબ , વલસાડ' દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઐતિહાસિક પુસ્તકોને ખાસ સ્થાન અપાયું.